# એક વર્ષના અંતે મંગળવારે ઈન્દોરથી શાંતિ એકસપ્રેસ ગાંધીનગર આવશે

## 3 માર્ચથી ગાંધીનગર ઇન્દોરની ટ્રેન રાબેતા મુજબ દોડતી થશે

ગાંધીનગર તા ૨૭

કેપિટલ સ્ટેશન પર ઈન્દોર એકસપ્રેસ ટ્રેઈન એક વર્ષ બાદ ગાંધીનગરના રેલવે ટ્રેક પર દોડતી થશે. કોરોના કાળ વચ્ચે સ્ટેશન વિકાસની કામગીરીને અનુલક્ષી લાંબા સમયથી કેપિટલ સ્ટેશન પર ટ્રેઈન સેવા બંધ હતી અનેક રજુઆતોના અંતે ઈન્દોર જતી શાંતિ એકસપ્રેસ તા ૩ માર્ચથી શરૂ થશે. મંગળવારે આ ટ્રેઈન ઈન્દોરથી ગાંધીનગર સ્ટેશન પહોંચશે. જયારે આગામી દિવસોમાં અન્ય ટ્રેઈન સેવા શરૂ કરવા માટે પણ રેલવે બોર્ડ તેમજ મુખ્યમંત્રીને રજુઆત કરવામાં આવી છે.

કેપિટલ સ્ટેશન પર લાંબા સમયથી ટ્રેઈનની અવરજવર બંધ છે. ટ્રેઈન સુવિધાના અભાવે મુસાફરોએ પણ હાલાકી વેઠવી પડે છે. નગરના યાત્રિકોએ અમદાવાદ સુધી લાંબા થવુ પડે છે. જયારે સ્ટેશન વિકાસની કામગીરીના લીધે છેલ્લા એક વર્ષથી બંધ ટ્રેઈન હવે તબકકાવાર શરૂ કરવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. સ્ટેશનનની કામગીરીના અંતે હવે ટ્રેઈન શરૂ કરવા માટે નગરની શુભચિંતક સંસ્થા શહેર વસાહત મહામંડળ દ્વારા પણ અવારનવાર રેલવે વિભાગ તેમજ મુખ્યમંત્રીને પણ પત્ર લખીને રજુઆત કરવામાં આવી છે. જયારે હવે ભાવનગર બાદ ઈન્દોરની ટ્રેઈન શરૂ કરવા માટે તૈયારી કરી દેવામાં આવી છે. કેપિટલ સ્ટેશન પર રોજની અંદાજિત સાત ટ્રેઈનની અવરજવર રહે છે. જેમાં ગરીબ રથ, હરિદ્વાર અને ઈન્દોર સહીતની ટ્રેઈનનો સમાવેશ થાય છે. પરંતુ ગરીબ રથ સહીતની ટ્રેઈન હાલ બંધ છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ ગાંધીનગર સ્ટેશનથી ઈન્દોર જવા માટેની શાંતિ એકસપ્રેસ ટ્રેઈન તા ૧ માર્ચના રોજ ઈન્દોરથી ઉપડી તા ૨ માર્ચના રોજ ગાંધીનગર પહોંચશે. જયારે આ જ ટ્રેઈન રાબેતા મુજબ ગાંધીનગરથી ઉપડીને ઈન્દોર પહોંચશે. જેથી ગાંધીનગરના મુસાફરોને પણ નગરના કેપિટલ સ્ટેશન પરથી ઈન્દોરની ટ્રેઈન સેવા હવે એક વર્ષ બાદ ઉપલબ્ધ થશે. મહામંડળના કિશોર જીકાદરા, પ્રદિપ સોલંકી તેમજ મયુર વ્યાસે અન્ય ટ્રેઈનો પ્લેટફોર્મ ઉપયોગના નાવાંધા પ્રમાણપત્ર આપવાની કામગીરી ત્વરિત શરૂ કરવામાં આવે તેવી પણ લાગણી વ્યકત કરી છે.



## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટેનો તખ્તો ગોઠવાઈ ગયો છે. સવારે ૭ વાગ્યાથી મતદાન પ્રક્રિયાનો પ્રારંભ થશે.
- નેશનલ લાઈવલીહુડ મિશનના જોઈન્ટ સેક્રેટરી સંજયકુમાર આજે ગાંધીનગરની મુલાકાતે આવ્યા હતા.
- જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મનપાની ચૂંટણી અંગેની તૈયારીઓ હાથ ધરાશે.
- આજે આખો દિવસ જિલ્લાના નેતાઓ ડેમેજ કંટ્રોલની કામગીરીમાં વ્યસ્ત રહ્યા હતા.
- ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના નવા કેસ અને કોરોનામાંથી રિકવર થઈ ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સંખ્યા એક સરખી થઈ છે.
- સોમવારથી રાજ્યસભાના વિધાનસભાના અંદાજપત્ર સત્રાનો આરંભ થશે. રાજ્યપાલશ્રીના સંબોધનને લઈ વિધાનસભામાં તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે.
- ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ૫૭૩ સર્વિસ વોટર્સ રજીસ્ટર્ડ થયા છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




અમારે પણ એ જમાનામાં પેટ્રોલના ભાવ ન પોસાય તેવા થાય ત્યારે, લૂના મુકીને સાયકલ લઇને નીકળી પડતા... તારી જેમ મોં વકાસીને ઘરમાં બેસીનતા રહેતા...!!

# નગરની પોસ્ટ કચેરીઓમાં સર્વર ડાઉન રહેતા ગ્રાહકોને આર્થિક નુકશાની

## સે-૭ માં પોસ્ટ કચેરીમાં સુવિધાના નામે મીંડુ : નવુ મકાન ફાળવવામાં પણ વિલંબ : ડાક અદાલત દરમિયાન પોસ્ટ કચેરીઓની સેવાને અપગ્રેડ કરવા મહામંડળની રજુઆત

સે-૭ પોસ્ટ કચેરીમાં કામનુ ભારણ વિશેષ રહે છે. આમછતા અનેક રજુઆતોના અંતે પોસ્ટ કચેરીમાં સુવિધાના નામે મીંડુ છે. પોસ્ટ કચેરીને નવુ અને વધારાનુ મકાન ફાળવવા માટે મંજુરીના અંતે પણ પોસ્ટ વિભાગે તેનો અમલ કર્યો નથી જેના લીધે હાલ પોસ્ટના સ્ટાફ તેમજ ગ્રાહકોએ પણ હાલાકી વેઠવી પડે છે. પોસ્ટ કચેરીઓમાં સર્વર ડાઉન થવાની ફરિયાદો પણ વધી છે. જેના લીધે ગ્રાહકોએ ધક્કે ચઢવાનો વારો આવ્યો છે. ડાક અદાલતમાં મહામંડળે વિવિધ મુદ્દે રજુઆતો કરી હતી.

શહેર વસાસહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ ગાંધીનગરમાં પોસ્ટ વિભાગ સાથે સંકળાયેલા પ્રશ્નોના ઉકેલ માટે મહામંડળ દ્વારા છેલ્લા ત્રણ દાયકાઓથી વિવિધ રજુઆતો કરવામાં આવી રહી છે. ડાક અદાલત દરમિયાન પણ નગરની પોસ્ટ કચેરીઓમાં સર્વર ડાઉનની સમસ્યાઓના લીધે ગ્રાહકોને આર્થિક નુકસાન વેઠવુ પડતુ હોવાનો રોષ ઉઠવા પામ્યો છે. ત્યારે આ સમસ્યા નિવારવા માટે રજુઆત કરવામાં આવી હતી. આ ઉપરાંત સેકટર -૭ ની પોસ્ટ કચેરીમાં કામનુ ભારણ વધુ છે. ત્યારે સુવિધાના નામે મીંડુ છે. પોસ્ટ કચેરીને નવુ તેમજ વધારાનુ મકાન ફાળવવા માટે કોઈ આયોજન કરવામાં આવતુ નથી. આ મામલે પણ ત્વરિત કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી. આ ઉપરાંત ખ-૬ કીસાનનગર, સે-૨૪ હાઉસીંગ બોર્ડ ના મકાનો તમામ જગ્યાએ પોષ્ટબોક્ષ હતી જે ઉઠાવી લેવાતા ગ્રાહાકોમાં રોષ પ્રવર્તયો છે. જયારે સે-૨૫ અને જુનુ નવુ ગ્રીનસીટી નવી પોસ્ટ કચેરી શરૂ કરવા પણ ડાક અદાલત દરમિયાન રજુઆત કરવામાં આવી છે. ટપાલપેટીઓને રંગરોગાન કરવા સે-૧ થી ૭ માં ટપાલ કચેરીઓ બાંધવા માટે જુના સેકટરોમાં જગ્યા છે ત્યાં નવા મકાનો બાંધવા માટે પણ ગુડા વિસ્તારમાં પણ ટપાલ સેવાને યોગ્ય કરવા માટે પણ રજુઆત કરવામાં આવી છે.



સંત શ્રી રોહિદાસ સેવા સમાજ, સેકટર-૬ ખાતે સંતશ્રી રોહિદાસજીની ૬૪૪મી જન્મ જયંતિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ વિનોદભાઈ ચાવડા અને મંત્રી રમણલાલ મહેરિયા ઉપસ્થિત રહ્યા હતા. જયારે ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘર દ્વારા મંદિરને સંગીતની કીટ તેમજ રૂ. ૫૧,૦૦૦નું દાન આપવામાં આવ્યું હતું. ડેપ્યુટી મેયરના હસ્તે કેક પણ કાપવામાં આવી હતી. ગાંધીનગર શહેરમાં ઉજવાતા સામાજિક પર્વોમાં સંત રોહિદાસની જન્મજયંતિ પ્રતિવર્ષ ધામધૂમથી ઉજવાય છે. સામાજિક સુધારણાના માધ્યમથી સમાજને એક તાંતણે બાંધવાનું ભગીરથ કાર્ય કરનાર સંત રોહિદાસની સ્મૃતિમાં સેવા સમાજ દ્વારા સામાજિક મેળાવડાઓ તેમના વિચારોના પ્રચારનું કામ ઉત્સવોના માધ્યમોથી કરવામાં આવે છે.

## રાજ્યના ૪ મહાનગરોમાં રાત્રિ કર્ફ્યુ વધુ ૧૫ દિન લંબાવાયો

ગાંધીનગર, તા. ૨૭

દેશમાં કોરોનાના કેસોમાં બ્લાસ્ટ થતા રાજ્ય સરકારે વધુ એક વખત ચાર મહાનગરોમાં રાત્રિ કરફ્યૂની મુદત લંબાવવાનો નિર્ણય કર્યો છે. અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં ૨૮ ફેબ્રુઆરીના રોજ રાત્રિ કરફ્યૂની મુદત પૂર્ણ થતી હોવાથી રાજ્ય સરકારે કરફ્યૂને વધુ ૧૫ દિવસ લંબાવવાની જાહેરાત કરી છે. શુક્રવારે રાત્રે સત્તાવાર નિવેદનમાં રાજ્ય સરકારે જણઆવ્યું હતું કે કોરોનાના કેસોમાં વધારો થવાથી ચાર મહાનગરોમાં રાત્રિ કરફ્યૂ વધુ ૧૫ દિવસ લંબાવવામાં આવશે. રાજ્યમાં હાલ ચાર શહેરોમાં રાત્રિના ૧૨થી સવારના ૬ વાગ્યા સુધી કરફ્યૂ લાગુ છે.

# વાવોલ - પુન્દ્રાસણ માર્ગ પર બાઈક સ્લીપ થતા આધેડનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૭

કડી થી વાવોલ ખાતે લગ્ન પ્રસંગે બાઈક લઈને આવેલા આધેડ સાંજે કડી પરત ફરી રહ્યા હતા. તે સમયે વાવોલ-પુન્દ્રાસણ માર્ગ પર અચાનક બાઈક સ્લીપ થતા આધેડનો ઈજા પહોંચી હતી.ઈજાગ્રસ્તાને તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા, ત્યારબાદ સારવાર લીધા પછી કડી ખાતે ઘરે લઈ ગયા બાદ રાત્રીના સમયે તેમનું મૃત્યું થયું હતું.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ કડી શાંતિવન સોસાયટી ખાતે રહેતા પંકજકુમાર ચમનભાઈ નાડીયા પોતાના પરિવાર સાથે રહે છે. ગત તા.૨૫ ના રોજ પંકજભાઈના પિતા ચમનભાઈ મગનભાઈ નાડીયા વાવોલ ખાતે સંબંધની જાનમાં બાઈક લઈને આવ્યા હતા. ત્યારબાદ પ્રસંગ પૂર્ણ થયા બાદ સાંજે ઘર તરફ જઈ રહ્યા હતા તે સમયે વાવોલ પુન્દ્રાસણ રોડ પર સાંજના ૬ વાગ્યાના અરસામાં ટ્રક બાજુમાંથી નીકળતા બાઈક હવાને પગલે ફંગોળાઈ જતા સ્લીપ થઈ ગયુ હતુ. માર્ગ પર પટકાયેલા ચમનભાઈને માથાના ભાગે તેમજ નાકના ભાગે ઈજા પહોંચી હતી. બનાવની જાણ પરિવારના સભ્યોને કર્યા બાદ તેઓને ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાયા હતા. જયાં કપાળના ભાગે ટાંકા લીધા હતા અને મોંઢા પર લોહી દેખાતુ હતું. જયારે રાત્રીના નવ વાગ્યાના અરસામાં રજા આપતા ગાડીમાં કડી ખાતે ઘરે લઈ ગયા હતા.




## પશ્ચિમ રેલ્વે
## ૨ વધારાની સ્પેશ્યલ ટ્રેનો ભુજ - બરેલી વચ્ચે દોડાવશે

મુસાફરોની સગવડ અને મુસાફરીની માંગને પહોંચી વળવા માટે, પશ્ચિમ રેલ્વેએ આગળની સલાહ સુધી અથવા અનુક્રમે જણાવ્યા મુજબ વિવિધ સ્થળોએ ૨ વધારાની સ્પેશિયલ ટ્રેનો ભુજ - બરેલી વચ્ચે ચલાવવાનું નક્કી કર્યું છે.

| ટ્રેન નં. | પ્રારંભનું સ્ટેશન અને ગંતવ્ય | શરૂઆતની તારીખ | સેવાનો દિવસ | ઉપડશે | પહોંચશે |
|---|---|---|---|---|---|
| ૦૪૩૨૨ | ભુજ - બરેલી (સપ્તાહમાં ચાર દિવસ) | w.e.f. ૦૧.૦૩.૨૦૨૧ | સોમ, ગુરુ, શનિ અને રવિ | ૧૮.૦૫ કલાકે | ૨૦.૩૫ કલાકે (બીજા દિવસે) |
| ૦૪૩૨૧ | બરેલી - ભુજ (સપ્તાહમાં ચાર દિવસ) | w.e.f. ૦૧.૦૩.૨૦૨૧ | સોમ, બુધ, શુક્ર અને રવિ | ૦૬.૩૫ કલાકે | ૦૮.૫૦ કલાકે (બીજા દિવસે) |

**રોકાણના સ્ટેશનો :** અંજાર, આદીપુર, ગાંધીધામ, ભચાઉ બીજી, સામાખ્યાલી, સાંતલપુર, રાધનપુર, દિયોદર, ભીલડી, ડીસા, પાલનપુર, આબુ રોડ, ફાલના, મારવાર, બ્યાવર, અજમેર, માદર, કિશનગઢ, નરેના, ફુલેરા, જયપુર, ગાંધીનગર જયપુર, દૌસા, બંદીકુઈ, રાજગઢ, અલવર, ખૈરથલ, રેવારી, પટૌડી રોડ, ગઢી હરસરુ, ગુરગાંવ, પાલમ, દિલ્હી કેન્ટ, દિલ્હી સરાઈ રોહીલ્લા, દિલ્હી, ગાઝીયાબાદ, પીલખુઆ, હાપુર, ગજરાઉલા, અમરોહા, મોરાદાબાદ, રામપુર અને મીલક સ્ટેશનો પર બંને તરફથી રોકાશે. **ટ્રેન નંબર ૦૪૩૨૨**ને ગેટોર જગતપુરા સ્ટેશન અને **ટ્રેન નં. ૦૪૩૨૧**ને માલાખેરા સ્ટેશનો પર વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે.

**સંયોજન :** એસી ૨-ટાયર, એસી ૩- ટાયર, સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસ સીટીંગ કોચીસ

| ટ્રેન નં. | પ્રારંભનું સ્ટેશન અને ગંતવ્ય | શરૂઆતની તારીખ | સેવાનો દિવસ | ઉપડશે | પહોંચશે |
|---|---|---|---|---|---|
| ૦૪૩૧૨ | ભુજ - બરેલી (ત્રિ-સાપ્તાહિક) | w.e.f. ૦૨.૦૩.૨૦૨૧ | મંગળ, બુધ અને શુક્ર | ૧૫.૫૦ કલાકે | ૨૦.૩૫ કલાકે (બીજા દિવસે) |
| ૦૪૩૧૧ | બરેલી - ભુજ (ત્રિ-સાપ્તાહિક) | w.e.f. ૦૨.૦૩.૨૦૨૧ | મંગળ, ગુરુ અને શનિ | ૦૬.૩૫ કલાકે | ૧૧.૦૦ કલાકે (બીજા દિવસે) |

**રોકાણના સ્ટેશનો :** અંજાર, આદીપુર, ગાંધીધામ, ભચાઉ બીજી, સામાખ્યાલી, હળવદ, ધ્રાંગધ્રા, વિરમગામ, ચાંદલોડીયા, મહેસાણા, પાલનપુર, આબુ રોડ, ફાલના, મારવાર, સોજત રોડ, બ્યાવર, અજમેર, માદર, કિશનગઢ, નરેના, ફુલેરા, જયપુર, ગાંધીનગર જયપુર, દૌસા, બંદીકુઈ, રાજગઢ, અલવર, ખૈરથલ, રેવારી, પટૌડી રોડ, ગઢી હરસરુ, ગુરગાંવ, પાલમ, દિલ્હી કેન્ટ, દિલ્હી સરાઈ રોહીલ્લા, દિલ્હી, ગાઝીયાબાદ, પીલખુઆ, હાપુર, ગજરાઉલા, અમરોહા, મોરાદાબાદ, રામપુર અને મીલક સ્ટેશનો પર બંને તરફથી રોકાશે. **ટ્રેન નંબર ૦૪૩૧૨**ને ગેટોર જગતપુરા સ્ટેશન અને **ટ્રેન નં. ૦૪૩૧૧**ને માલાખેરા સ્ટેશનો પર વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે.
**હાલ ટ્રેન નંબરો. ૦૪૩૧૨ અને ૦૪૩૧૧હાલ હળવદ સ્ટેશન પર ઉભી તા. ૩૧.૦૩.૨૦૨૧ અને ૩૦.૦૩.૨૦૨૧ સુધી રહેશે નહીં.**

**સંયોજન :** એસી ૨-ટાયર, એસી ૩- ટાયર, સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસ સીટીંગ કોચીસ

ટ્રેન સંબંધિત વિગતવાર સમય અને સ્ટોપેજ માટે કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લો

**કન્ફર્મ ટિકિટ હોય તે જ મુસાફરો આ ખાસ ટ્રેનોમાં પ્રવાસ કરી શકશે**

**મુસાફરોને બોર્ડિંગ દરમિયાન, મુસાફરી દરમિયાન અને મુકામ પર કોવિડ-૧૯થી સંબંધિત તમામ ધોરણો અને એસઓપીએસનું પાલન કરવાની સલાહ આપવામાં આવે છે.**

ટ્રેન નંબર ૦૪૩૨૨ અને ૦૪૩૧૨નું બુકીંગ ૨૮.૦૨.૨૦૨૧ના રોજ નામાંકિત પીઆરએસ કાઉન્ટર્સ અને આઈઆરસીટીસી વેબસાઇટ પર ખુલશે. ઉપરોક્ત બધી ટ્રેન સંપૂર્ણ રીતે આરક્ષિત ટ્રેનોના રૂપમાં ચાલશે.

પશ્ચિમ રેલવે
www.wr.indianrailways.gov.in
અમને લાઇક કરો: facebook.com/WesternRly
અમને ફોલો કરો: twitter.com/WesternRly

બધી આરક્ષિત ટિકીટો માટે ઓળખપત્ર સાથે રાખો.



## જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી - ૨૦૨૧

| મતદાન તારીખ | મતદાન સમય |
|---|---|
| ૨૮મી ફેબ્રુઆરી ૨૦૨૧, રવિવાર | સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી |

આપનું મતદાન સ્વરાજ્યને સુદ્રઢ બનાવે છે.
મતદાન અવશ્ય કરીએ.

- મતદાન મથક પર જતા માસ્ક પહેરવો.
- મતદાન મથક પર અન્ય વ્યક્તિઓથી ઓછામાં ઓછું ૬ ફૂટનું અંતર રાખીને સોશ્યલ ડીસ્ટન્સ જાળવવું.



- આપની પસંદગીના ઉમેદવારને મત આપવા માટે તે ઉમેદવારની સામેનું વાદળી બટન દબાવવાનું રહેશે.
- કોઈ પણ ઉમેદવારને મત ન આપવો હોય તો નોટા (NOTA - ઉપર પૈકી કોઈ નહીં) નું બટન દબાવવાનું રહેશે.
- ઈ.વી.એમ.નું બટન દબાવતી વખતે તમને આપવામાં આવેલ હાથમોજાંનો અચૂક ઉપયોગ કરવો.

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જનહિતમાં પ્રકાશિત

મારો મત, નિર્ણાયક મત